# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

### -પરિપત્ર-

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના મુખ્ય કેન્દ્ર તથા વિવિધ સંશોધન/વિસ્તરણ શિક્ષણ કેન્દ્રો, કોલેજ હસ્તકના સંશોધન-વ-પ્રયાગિક ફાર્મ વિગેરે ઉપર કામ કરતા ખેત મજુર સ્કીલ્ડ/ અન-સ્કીલ્ડ/ સેમી-સ્કીલ્ડ તરીકે રોકવામાં આવેલ શ્રમયોગીઓને નામ.સુપ્રીમ કોર્ટ તરફથી સીવીલ અપીલ નં. ૬૯૧/૨૦૦૧ અનુસાર ગુજરાત કૃષિ યુનિવર્સિટીના સમયે રોજમદારોને કાયમી કરવાની એક યોજના નકકી કરેલ હતી. નામ.સુપ્રીમ કોર્ટના ચુકાદા અનુસાર કૃષિ યુનવર્સિટીના રોજમદારોને કાયમી કરવા અંગેના હુકમોના આધારે ગુજરાત કૃષિ યુનિવર્સિટીના સમયના ચારેય ઝોનના રોજમદારોને કાયમી કરવાની એક સ્કીમ રાજય સરકારશ્રીની તા.૩/૨/૨૦૦૦ની મંજુરીથી અમલમાં મુકવામા આવેલ હતી.

સદરહું યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૦૦ના રોજ જે શ્રીમયોગીની વાર્ષિક ૨૪૦ દિવસ લેખે સળંગ ૧૦ વર્ષની હાજરી હોય અને તેઓ જયા કામ કરતા હોય ત્યાં કાયમી કરવાના હતાં. તે મુજબ શ્રમયોગીઓને વર્ગ-૩/ વર્ગ-૪ના લાગુ પડતા નિયમીત પગાર ધોરણમાં તા.૦૧-૦૧-૨૦૦૧ની અસરથી તા.૦૧-૪-૨૦૦૨થી જગ્યાઓ મંજુર થતા કલમ-૧ હેઠળ કાયમી કરી નિયમિત પગાર ધોરણમાં મુકવામાં આવેલ હતાં..

ઉપરોકત બાબતે આપની કચેરી/ફાર્મ ખાતે આ સ્કીમ હેઠળ જે શ્રમયોગીઓ તા.૦૧-૦૧-૨૦૦૧ની અસરથી કાયમી ગણી તા.૦૧-૦૪-૨૦૦૨થી નિયમીત પગાર ધોરણમાં કાયમી કરવામાં આવેલ હોય તે શ્રમ યોગીઓની ૫૮/ ૬૦ વર્ષની ઉમંર પુર્ણ થતા સરકારશ્રીના નિયમોનુસાર નિવૃત્ત થતાં છુટા કરવામાં આવેલ હોય અથવા અવસાન પામેલ / સ્વેચ્છીક નિવૃત્તિ છુટા કરવામાં આવેલ હોય તેવા કાયમી રોજમદારો તા.૦૧-૦૪-૨૦૦૨ એટેલે કે કલમ-૧માં કાયમી થયા તે પહેલાં રોજમદાર તરીકે કામગીરી કરેલ છે અને વાર્ષિક ૨૪૦ દિવસની હાજરી જે તે વર્ષે પૂર્ણ કરેલ હોય તે સમયની વર્ષવાર હાજરી ની વિગત તેમજ રોજમદાર તરીકે છેલ્લે ફરજ બજાવેલ તે સમય દરમ્યાન કયા દૈનિક દરે પગાર મેળવતા હતાં તે મુજબ ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઇટી એકટ-૧૯૭૨ હેઠળ જો ગ્રેજયુઇટી ચુકવવાની થાય તો કેટલી રકમ ચુકવવાની થાય તેવા ફકત કલમ-૧ના જ કાયમી રોજમદારોની માહિતી નીચેના પત્રકમાંમોકલી આપવા વિનંતી.

| અ.નં | વર્ષ વાર હાજરીની વિગત | દૈનિક દર | રીમાર્કસ |
|---|---|---|---|
| | | | |

| વાર્ષિક ૨૪૦ દિવસના પુરા કરેલ વર્ષ | મળવા પાત્ર ગ્રેજયુઇટીના કુલ દિવસ | તા.૩૧-૦૩-૨૦૦૨નો દૈનિક રોજનો દર | મળવા પાત્ર ગ્રેજયુઇટીની રકમ |
|---|---|---|---|
| | | | |
| | | | |

કુલસચિવ

જા.નં. આકૃયુ/રજી/કલમ-૧/લીગલ/ ૪૩ /૨૧
તા. ૧૪-૦૫-૨૦૨૧, આણંદ

**નકલ રવાના:-**

(૧) તમામ યુનિટ અધિકારી/ સબ યુનિટ અધિકારી(પેટા કેન્દ્રો સહિત) આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

(૨) હિસાબ નિયામકશ્રી/-હિસાબી અધિકારી, આ.કૃ.યુ. આણંદ (૩) કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ. (૪)અત્રેની કચેરીની તમામ શાખા તરફ જાણ સારૂ.